# વિદ્યુતીકરણના કામ માટે ઈજારદારશ્રીઓને અગત્યની સુચનાઓ

(૧) વિદ્યુતીકરણનાં કામ સરકારશ્રી દ્વારા નિયત લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અથવા વાયરમેન દ્વારા કરાવવાના રહેશે. જેટલી રકમનું વીજળીકરણનું કામ હશે તે કિંમતના પ્રમાણમાં માર્ગ અને મકાન (વિદ્યુત) વિભાગ મા યોગ્ય કેટેગરીમાં નોંધાયેલ વિદ્યુત ઈજારદાર કામ કરાવવાનું રહેશે.

(૨) કામના ઈન્ચાર્જ ઈજનેર દ્વારા વિદ્યુતીકરણના કામ કરતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનુ જ્યારે સરકારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ લાયસન્સની માંગણી કરવામાં આવે ત્યારે અસલમાં ચકાસણી અર્થે રજુ કરવાનું રહેશે.

(૩) જે ઈજારદાર કામ આપવામાં આવે ત્યારે ઈજારદારશ્રીએ સિવિલ કામ સાથે વિદ્યુતીકરણનું કામ સરકારશ્રી દ્વારા આપેલ નોધણી ધરાવતા વિદ્યુતની કામગીરી માટેના ઈજારદારની નોધણીનું પ્રમાણિત લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશીયન અને વાયરમેનનુ નામ તેની વિગતો વર્ક ઓર્ડર આપતા પહેલા આ કચેરીને રજુ કરવાની રહેશે જેથી વિદ્યુતીકરણના કામની કામગીરી દરમ્યાન ક્ષતિયુક્ત કામગીરીથી કોઈ જીવલેણ અકસ્માતનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ કચેરી દ્વારા નિયમ અનુસાર કાયદાકીય પગલા લેવાની સરળતા રહે.

(૪) વિદ્યુતીકરણના કામોમાં વપરાશમાં લેવાના થતા માલસામાન, સાધનો, ઈકવીપમેન્ટસ સરકારશ્રીના વિદ્યુત વિભાગ દ્વારા / પી.આઇ.યુ દ્વરા મંજુર કરેલ પ્રમાણિત કેટેગરીના જ રહેશે.

(૫) વિદ્યુતીકરણ કામમાં વપરાશમાં લીધેલ માલસામાન અને ઈકવીપમેન્ટસ નિયત માપદંડ વગરના તેમજ તાંત્રીક ગુણવત્તા ન ધરાવતા ધ્યાને આવતા તુરત જ સુચના અનુસાર બદલાવવાના રહેશે. અને તેનું નિયત ચુકવણુ ત્યારબાદ જ કચેરી દ્વારા ઈજારદારશ્રીને બીલમાં કરવામાં આવશે.

(૬) વિદ્યુતીકરણના કરેલ કામના જે તે ટેસ્ટીગ રીપોર્ટ નિયમનુસાર જે તે વિદ્યુત સપ્લાય કંપની પાસેથી મેળવી આપવાની કામગીરી અને તે અંગે ચુકવવી પડતી રકમ ઈજારદારશ્રીએ ચુકવવાની રહેશે. અને તે અંગે આ કચેરી તરફથી આવી કોઈ પ્રકારની અલગ ફી ની ચુકવણી કરવામાં આવશે નહિ.

(૭) નવા વિદ્યુત જોડાણ માટે સબધિત વિજ સપ્લાય કપની ને ચુકવવાની થતી નિયમનુસારની રકમ પ્રથમ ઈજારદારશ્રીને ચુકવવાની રહેશે. અને ત્યારબાદ ચુકવેલ રકમના બીલ અને વાઉચર આ કચેરીમાં રજુ કરતાં તે રકમ ઈજારદારશ્રીને પરત કરવામાં આવશે.

## SPECIAL CONDITION (SERVICE TAX)

કેન્દ્ર સરકારના નાણાવિભાગ પ્રવર્તમાન નોટીફિકેશન સંદ્રભમાં વર્કસ કોંન્ટ્રાક્ટ માટે લાગુ થનાર સંભવિત સર્વિસ ટેક્ષ ચૂક્વણાની જવાબદારી ઈજારદારશ્રીં(Contractor) ની રહે છે.જેથી ઈજારદારશ્રીં દ્વારા ભાવો ભરતી વખતે સર્વિસ ટેક્ષ ની રકમ ધ્યાનમાં લઇ ને ભાવો ભરવાની કાળજી લેવાની રહેશે જેની નોંધ લેવી. પી.આઇ.યુ દ્વારા સર્વિસ ટેક્ષની ચુકવણી તથા પુનઃ ચૂક્વણી (Reimbursement) થશે નહી તથા પી.આઇ.યુ દ્વારા થનાર ચુકવણા ભરેલ ભાવોની મર્યાદમાં જ રહેશે. જેની ખાસ નોંધ લેવા જણવવામાં આવે છે.